Friday
10.05.2024
✳Volume :8 ✳ Issue No.289
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

## પીએમ મોદી લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવતા પહેલા ૧૩ મેના રોજ વારાણસીમાં કરશે ભવ્ય રોડ શો



વારાણસી, તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવતા પહેલા ૧૩ મેના રોજ તેમના સંસદીય ક્ષેત્ર ઉત્તર પ્રદેશના વારાણસીમાં ભવ્ય રોડ શો કરશે. આ ભવ્ય રોડ શોની શરૂઆત બી એચ યુ ગેટ પર મહામના માલવિયાની પ્રતિમાને પુષ્પાંજલિ આપીને થશે, જે કાશી વિશ્વનાથ ધામ સુધી જશે. તેને વધુ ભવ્ય બનાવવા માટે ભાજપે તૈયારીઓ શરૂ કરી દીધી છે. રોડ શોને ઐતિહાસિક બનાવવા માટે સંગઠન દ્વારા કાર્યકરોની રેકોર્ડ ભાગીદારી માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે. લંકાથી વિશ્વનાથ ધામ સુધી મોદીના સ્વાગત માટે ૩૦ પોઈન્ટ બનાવવામાં આવ્યા છે. અપના દળ (એસ) સહિત વિવિધ સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ અને સમુદાયોને વડાપ્રધાનના સન્માનની જવાબદારી સોંપવામાં આવી છે. આમાં તમામ સમાજ અને તમામ ધર્મોની ભાગીદારી સામેલ હશે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ સુનીલ બંસલે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના રોડ શોની તૈયારીઓને લઈને વરિષ્ઠ અધિકારીઓ અને જનપ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી. તેમણે કહ્યું કે મોદીના રોડ શોને મેગા શો બનાવવો પડશે. આમાં લઘુચિત્ર ભારતની ઝલક જોવા મળવી જોઈએ. આ એક નવો ટ્રેન્ડ સેટ કરશે. આ અદ્ભુત દ્રશ્ય 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નો સંદેશ આપશે. પ્રદેશ પ્રવક્તા નવરતન રાઠીએ જણાવ્યું કે રોડ શોના રૂટ પર મદનપુરામાં મુસ્લિમ સમાજના લોકો વડાપ્રધાનને પાઘડી અર્પણ કરશે. આ ઉપરાંત મરાઠી, ગુજરાતી, બંગાળી, મહેશ્વરી, મારવાડી, તમિલ, પંજાબી વગેરે સમુદાયના લોકો તેમના પરંપરાગત વેશભૂષામાં મોદીનું સ્વાગત કરશે. ફૂલોની વર્ષા થશે અને ઢોલ વગાડવામાં આવશે. શંખ અને ઢોલના અવાજ થશે.

## કોંગ્રેસના નેતા સામ પિત્રોડાએ દેશના વિવિધ ક્ષેત્રોમાં વસતા ભારતીયો અંગે કરેલી રંગભેદની શરમજનક અને દુર્ભાગ્યપૂર્ણ ટિપ્પણી અંગે ગાંધીનગર શહેર ભાજપ દ્વારા પૂતળાદહન અને વિરોધ પ્રદર્શન યોજાયું.




ગાંધીનગર, તા. ૯

કોંગ્રેસના સિનિયર નેતા સામ પિત્રોડાએ પૂર્વ ભારતીયોને ચીની , દક્ષિણ ભારતીયોને આફ્રિકી અને પશ્ચિમ ભારતીયોને આરબ જેવા કહી રંગભેદની શરમજનક અને દુર્ભાગ્યપૂર્ણ ટીપ્પણી કરતા દેશમાં લોકસભાની ચાલી રહેલી ચુંટણી વચ્ચે કોંગ્રેસની નિમ્નસ્તર અને હલકી માનસિકતા જનતા સમક્ષ વધુ એક વખત ખુલ્લી પડી છે ત્યારે આ શરમજનક કૃત્યને વખોડવા ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા સામ પિત્રોડા અને કોંગ્રેસ સામે વિરોધ પ્રદર્શન અને પૂતળાદહનનો કાર્યક્રમ ઘ-૩, પથિકાશ્રમ સર્કલ પાસે યોજાઈ ગયો હતો જેમાં શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ, મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ સહિત સંગઠનના પદાધિકારીઓ, નગરસેવકો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## શ્રી સંજય કુમારે અર્લી ચાઈલ્ડહુડ કેર એન્ડ એજ્યુકેશન (ઈસીસીઈ)ના વ્યાપક ઉદ્દેશો પાર પાડવા માટે બેઠકની અધ્યક્ષતા કરી





તા. ૯

શિક્ષણ મંત્રાલયનાં શાળા શિક્ષણ અને સાક્ષરતા સચિવ શ્રી સંજય કુમારની અધ્યક્ષતામાં આજે આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર, નવી દિલ્હી ખાતે અર્લી ચાઈલ્ડહૂડ કેર એન્ડ એજ્યુકેશન (ઈસીસીઈ)નાં વિસ્તૃત ઉદ્દેશો પાર પાડવા માટે એક બેઠક યોજાઈ હતી. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (એમઓડબલ્યુસીડી), રાજ્યો અને શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ (ડીઓએસઈએન્ડએલ) ની સ્વાયત્ત સંસ્થાઓના પ્રતિનિધિઓએ આ બેઠકમાં ભાગ લીધો હતો. રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક-ફાઉન્ડેશનલ સ્ટેજ (એનસીએસએફ-એફએસ) હેઠળ કલ્પના કરવામાં આવી છે તે મુજબ અવિરત સંક્રમણ અને ગુણવત્તાયુક્ત ઈસીસીઈ માટે પૂર્વ-શાળા શિક્ષણ અને શાળા શિક્ષણની સાતત્યતા જરૂરી છે. આ પ્રસંગે બોલતા શ્રી સંજય કુમારે બેઠકનો સંદર્ભ નક્કી કર્યો હતો અને ગુણવત્તાયુક્ત ઈસીસીઈમાં દરેક હિતધારકના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. શ્રી કુમારે એ વાતનો પુનરોચ્ચાર કર્યો હતો કે, એમઓડબલ્યુસીડી અને વિવિધ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ પહેલો જોઈને આનંદ થાય છે. આ બેઠક દરમિયાન ધોરણ ૧ ધરાવતા તમામ સીબીએસઈ અને કેન્દ્રીય વિદ્યાલયોમાં પ્રી-પ્રાઈમરી માટે ૩થી ૬ વર્ષના બાળકો માટે ત્રણ બાલવાટિકાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. ગામડાઓમાં પ્રાથમિક શાળાઓ સાથે આંગણવાડીઓનું સંકલન કરવાની ભલામણ ડબલ્યુસીડી સાથે સંકલન કરીને કરવામાં આવી હતી, જેનું વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું હતું, જેથી યોગ્ય પૂર્વશાળાનું શિક્ષણ મળી શકે અને ગ્રેડ-૧માં સરળતાથી પ્રવેશ મેળવી શકાય. સારી રીતે સર્વાંગી શિક્ષણના અનુભવ માટે પૂર્વ-પ્રાથમિક વર્ગો ધરાવતી સરકારી શાળાઓમાં જાદુઈ પિટારાનો ઉપયોગ કરવા પણ સૂચન કરવામાં આવ્યું હતું. એવું સૂચન કરવામાં આવ્યું હતું કે એનસીઈઆરટી હાલના લર્નિંગ ટોયઝનું મૂલ્યાંકન કરવા માટે રાજ્યના અધિકારીઓ સાથે કામ કરી શકે છે, જે એનસીએફ-એફએસ લક્ષ્યો સાથે સુસંગતતા સુનિશ્ચિત કરે છે. એવું પણ સૂચન કરવામાં આવ્યું હતું કે એમઓઈ અને ડબલ્યુસીડીએ પોષણ ટ્રેકર અને યુડીઆઈએસઈ ડેટાને જોડવા માટે સહયોગ કરવો જોઈએ, જેથી પૂર્વ-પ્રાથમિકથી વર્ગ -૧ સંક્રમણને ટ્રેક કરી શકાય. રાજ્યો માપદંડોને વ્યાખ્યાયિત કરી શકે છે અને ખરીદીમાં પારદર્શકતા અને કાર્યદક્ષાતા સુનિશ્ચિત કરવા માટે જાદુઈ પિતારા સામગ્રીઓ માટે રિક્વેસ્ટફોરપ્રપોઝલ(આરએફપી)નો ઉપયોગ કરી શકે છે. વિઝિબિલિટી અને માન્યતા વધારવા માટે તમામ રાજયોમાં નિપુણ ભારત, જાદુઈ પિટારા, ઈ જાદુઈ પિટારા અને વિદ્યા પ્રવેશ જેવા કાર્યક્રમો માટે બ્રાન્ડિંગના માનકીકરણ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. એવું સૂચવવામાં આવ્યું હતું કે જાદુઈ પિટારાનું અપનાવવામાં આવેલું અને અનુકૂળ સંસ્કરણ જાદુઈ પિટારા માટે એનસીઈઆરટી દ્વારા ક્યુરેટ કરવામાં આવેલા નિર્ધારિત શિક્ષણ પરિણામો સાથે સુસંગત હોવું જોઈએ. એન.સી.ઈ.આર.ટી.એ નિયુક્ત અધ્યયનપરિણામોનેઅનુસરવામાં એસ.સી.ઈ.આર.ટી.ને ટેકો આપવો જોઈએ. પૂર્વશાળાના શિક્ષકો અને આંગણવાડી કાર્યકર (એ.ડબ્લ્યુ.ડબ્લ્યુ.)ને યોગ્ય તાલીમ આપવાની જરૂરિયાત અંગે પણ બેઠક દરમિયાન વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

## જયેશ રાદડિયા બન્યા IFFCO ના નવા ડાયરેક્ટર

### ઇફકો ની ચૂટણીમાં ગુજરાતનાં ધારાસભ્ય જયેશ રાદડિયાનો ભવ્ય વિજય



નવી દિલ્હી, તા. ૯

દેશની રાજધાની માં યોજાઈ હતી ઈફકોની ચૂંટણી, આ વખતે ભાજપ ની સામે ભાજપ જેવી સ્થિતિ હતી, ભાજપ ના બીપીન ગોતા અને જયેશ રાદડિયા વચેની હતી જંગ, ધારાસભ્ય જયેશ રાદડિયા એ ફોર્મ ભરીને પાર્ટી ના મેન્ડેટને પડકાર્યો હતો. ભાજપે બીપીન પટેલ (ગોતા ) ને સમર્થન આપ્યું હતું જ્યારે જયેશ રાદડિયાએ પાર્ટી ના મેન્ડેટ ની ઉપરવટ જઈ દાવેદારી નોધાવી હતી અને તેમાં જયેશ રાદડિયાને ૧૦૦ મતોથી વધુ મત મળતા બહુમતી ના કારણે ભવ્ય વિજય થયો હતો. આ ચૂટણી મા ૧૮૨ મતદાર હતા, પણ ૧૮૦ મતદારો દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું, જેમાં સૌરાષ્ટ ના ૯૮ મત હતા.

## દરેકે માત્ર પોતાની પ્રગતિથી સંતોષ ન માની, સર્વની પ્રગતિમાં જ પોતાની પ્રગતિ સમજવી જોઈએ : રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

### ગુરુકુળના નિયામક બ્રિગેડિયર ડો. પ્રવીણ કુમારે વિદ્યાર્થીઓને કર્તવ્યપાલનના શપથ લેવડાવ્યા



તા. ૯

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, સમાજ, દેશ અને પરિવાર ત્યારે જ પ્રગતિ કરે છે જ્યારે તેઓ નીતિ-નિયમો અને સિદ્ધાંતોનું પાલન કરે છે. હરિયાણાના ગુરુકુળ કુરુક્ષેત્રમાં આયોજિત અલંકરણ સન્માન સમારોહમાં તેમણે કહ્યું કે, વહાણ દરેક સુવિધાથી સજ્જ હોય, પરંતુ જો તેમાં નાનું છિદ્ર પણ થઈ જાય તો તેને ડૂબાડી શકે છે. તેવી જ રીતે, વિદ્યાર્થીઓ પણ જો નિયમો અને શિસ્તની અવગણના કરે તો વિકાસ રૂંધાય છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, આળસુ વ્યક્તિ કોઈ ઉદ્દેશ્ય વગર પોતાનું જીવન વિતાવી દે તો તેનો વિકાસ નથી થવાનો. મહેનતુ માણસ સમાજમાં પોતાની આગવી ઓળખ ઊભી કરે છે. જે વિદ્યાર્થીઓ તેમની જવાબદારીઓને પૂર્ણપણે નિભાવે છે તેઓ જીવનમાં ચોક્કસપણે સફળ થાય છે. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, દરેક વ્યક્તિએ ફક્ત પોતાની પ્રગતિથી સંતોષ ન માની, સર્વની પ્રગતિમાં જ પોતાની પ્રગતિ સમજવી જોઈએ. આવા લોકો હંમેશા સમાજમાં પરોપકાર, માનવતા અને ભાઈચારાનો સંદેશ આપે છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અભ્યાસ અને સખત પરિશ્રમના મહત્વ પર ભાર મૂક્યો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ શિક્ષકો અને સંચાલક મંડળને પણ પોતાની જવાબદારી સારી રીતે નિભાવવાની હાકલ કરતાં કહ્યું કે, બાળકો તેમના શિક્ષકોના આચરણમાંથી જ શીખે છે. જેથી શિક્ષકે હંમેશા તેમના જીવનમાં સત્યનું આચરણ અને શિસ્તનું પાલન કરવું જોઈએ. ગુરુકુલમાં દાખલ થયેલા નવા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતાં તેમણે કહ્યું કે, જીવનમાં હંમેશા મોટું વિચારો, કારણ કે ટુંકી વિચારસરણી ક્યારેય વ્યક્તિને મહાન બનાવી શકતી નથી. તમારા લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરીને તેને પ્રાપ્ત કરો. તેમણે વિદ્યાર્થીઓને તેમની ફરજ પ્રત્યે જાગૃત રહેવા અને હંમેશા શિસ્ત, સંસ્કારોનું પાલન કરવાની શીખામણ આપી હતી. આ અવસરે નિયામક શ્રી ડૉ.પ્રવીણ કુમારે વિદ્યાર્થીઓને ગુરુકુલનીવિવિધજવાબદારીઓ, જેવી કે ભોજનાલય, રમતનું મેદાન, છાત્રાલય, શાળા હેઠળના વિવિધ કાર્યો માટે શપથ લેવડાવ્યા જેથી તેઓ સોંપેલ કાર્યો અને ફરજો યોગ્ય રીતે નિભાવી શકે. કાર્યક્રમનું સંચાલ શ્રી સંજીવ આર્યએ કર્યું હતું.

## તંત્રી સ્થાનેથી......

ભારતીય સશસ્ત્ર દળો ત્રણેય સેવાઓ વચ્ચે ચાલી રહેલી સંયુક્તતા અને એકીકરણ પહેલને વેગ આપવાનો ઈરાદો ધરાવે છે. ૦૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ આયોજિત "પરિવર્તન ચિંતન"માં તમામ ત્રિ-સેવા સંસ્થાઓના વડાઓ માટે એક અગ્રણી પરિષદ આયોજિત કરાઈ હતી. જેનો ઉદ્દેશ્ય નવીનતમ સુધારાત્મક વિચારો અને પહેલો ઊભી કરવાનો છે. નવી દિલ્હી ખાતે ૦૯-૧૦ મે ૨૦૨૪ના રોજ બે દિવસ પરિવર્તન ચિંતન – II મળશે, જેની અધ્યક્ષાતા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે કરશે. સર્વોચ્ચ ચીફ ઓફ સ્ટાફ કમિટીની તમામ પેટા સમિતિઓના સભ્યો; સીડીએસ તેના કાયમી અધ્યક્ષ અને ત્રણ સર્વિસ ચીફ તરીકે, બહુવિધ ડોમેન્સમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરશે, અને સંયુકતતા અને એકીકરણ દ્વારા પરિવર્તન તરફ ઈચ્છિત અંતિમ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે જરૂરી સુધારાઓ પર વિચાર કરશે.


# જીએસટી કાયદા હેઠળ એવી કોઈ જોગવાઈ નથી, જે અધિકારીઓને બાકી ચૂકવણી માટે બળ કે ધમકીનો ઉપયોગ કરવાની સત્તા આપે: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી,તા. ૯

દેશની સર્વોચ અદાલતના ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના, એમએમ સુંદરેશ અને બેલા ત્રિવેદીની બેન્ચે કેન્દ્ર સરકારને જીએસટી વસૂલાત માટે ઉદ્યોગપતિઓ સામે સર્ચ અને જપ્તી કામગીરી દરમિયાન 'ધમકી અને બળજબરી'નો ઉપયોગ ન કરવાનો નિર્દેશ આપ્યો હતો અને જણાવ્યું હતું કે તેઓને સ્વેચ્છાએ બાકી રકમ ચૂકવવા માટે સમજાવવામાં આવે. બેન્ચે નિર્દેશ કર્યો કે જીએસટી કાયદા હેઠળ એવી કોઈ જોગવાઈ નથી કે જે અધિકારીઓને બાકી ચૂકવણી માટે બળ કે ધમકીનો ઉપયોગ કરવાની સત્તા આપે. ખંડપીઠે કેન્દ્ર સરકાર તરફથી હાજર




રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુને કહ્યું કે, જીએસટી કાયદા હેઠળ કોઈ પણ વ્યક્તિને સર્ચ અને જપ્તી દરમિયાન ટેક્સની જવાબદારી ચૂકવવાની ફરજ પાડવાની સત્તા આપવામાં આવી નથી. તમારા વિભાગને કહો કે ચુકવણી સ્વૈચ્છિક રીતે થવી જોઈએ અને કોઈ બળનો ઉપયોગ કરવો જોઈએ નહીં. તમારે કથિત ગુનેગારને વિચારવા, સલાહ લેવા અને તેની જવાબદારી પૂરી કરવા માટે ત્રણ-ચાર દિવસનો સમય આપવો પડશે. સોલિસિટર જનરલ એસ.વી. રાજુએ, અગાઉ જીએસટી કલેકશન દરમિયાન બળના ઉપયોગની શક્યતાને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે, સર્ચ અને જપ્તી દરમિયાન મોટાભાગની ચૂકવણી સ્વૈચ્છિક રહી છે. તેમણે જીએસટી એક્ટ પર દિવસભર ચાલેલી સુનાવણીમાં જણાવ્યું હતું કે વસૂલાતની બંને પદ્ધતિઓની શક્યતા છે, પરંતુ મોટાભાગની ચૂકવણી સ્વૈચ્છિક રીતે અથવા વકીલ સાથે ચર્ચા કરીને થોડા દિવસો પછી કરવામાં આવે છે. ભૂતકાળમાં આવા કેટલાક ઉદાહરણો હોઈ શકે છે પરંતુ આ સ્ટાન્ડર્ડ નથી. આના પર બેન્ચે કહ્યું કે ઘણા અરજદારોએ અધિકારીઓ પર સર્ચ અને જપ્તી ઓપરેશન દરમિયાન ધમકીઓ અને બળજબરીનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. અમે જાણીએ છીએ કે જે તે વ્યકિતની સર્ચ અને જપ્તી દરમિયાન શું થાય છે. તમારે સલાહ લેવા અને વિચાર કરવા માટે થોડો સમય કાઢવો પડશે. તમે તેને ધમકીઓ અને ધરપકડના દબાણ હેઠળ રાખી ન શકો.




# ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૮૨.૪૫%, સામાન્ય પ્રવાહનું૯૧.૯૩% પરિણામજાહેર

ગાંધીનગર, તા. ૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ-૧૨નું પરિણામ જાહેર કરવામાં આવ્યું. આ પરિણામ સાથે હવે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ પણ પરિણામની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ધોરણ-૧૨ના પરિણામ જાહેર થવા સાથે ધોરણ-૧૦ના બોર્ડના પરિણામની પણ તારીખ જાહેર કરવામાં આવી છે. રાજ્યના શૈક્ષણિક બોર્ડ દ્વારા ધોરણ-૧૦નું પરિણામ ૧૧મેના રોજ જાહેર કરવામાં આવશે. ઉમેદવારો પરિણામ જાણવા બોર્ડની સત્તાવાર વેબસાઈટ www.gseb.rog પર મુલાકાત લઈ શકશે. ૧૧મેના રોજ સવારે ૮ વાગ્યે વેબસાઈટ પરિણામ જોઈ શકાશે. આજે ગુજરાત બોર્ડ દ્વારા ધોરણ-૧૨ના સાયન્સ, કોમર્સ અને આર્ટસ સ્ટ્રીમનું પરિણામ જાહેર કરવામાં આવ્યું. બોર્ડની જાહેરાત મુજબ વિજ્ઞાન પ્રવાહનું ૮૨.૪૫ ટકા અને સામાન્ય પ્રવાહનું ૯૧.૯૩ ટકા પરિણામ જાહેર કરાયુ છે. વિજ્ઞાન પ્રવાહમાં સૌથી વધુ મોરબી જિલ્લાનું ૯૧.૯૩ ટકા પરિણામ આવ્યું. જ્યારે સૌથી ઓછું છોટા ઉદેપુર જિલ્લાનું ૫૧.૩૫ ટકા પરિણામ આવ્યું. રાજયમાં ધોરણ-૧૦માં કુલ ૯ લાખ ૧૭ હજાર ૬૮૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ધોરણ-૧૦ બોર્ડની પરિક્ષા ૧૧મી માર્ચથી ૨૬મી માર્ચ દરમ્યાન લેવામાં આવી હતી. પરિણામ જાહેર થયા બાદ જે વિદ્યાર્થીઓને આ સંદર્ભે કોઈ પ્રશ્ન હશે તો તે માટે અરજી કરી શકશે.

# ઉત્તર પ્રદેશમાં સેપ્ટિક ટાંકીની સફાઈ દરમિયાન ૪ લોકોના કરુણ મોત

લખનઉ, તા. ૯

ઉત્તાર પ્રદેશના ચંદૌલી જિલ્લામાંથી એક અત્યંત દુઃખદ અકસ્માતના સમાચાર સામે આવ્યા છે જેમાં મુગલસરાઈ વિસ્તારમાં સેપ્ટિક ટાંકીની સફાઈ દરમિયાન ૪ લોકોના કરુણ મોત નિપજ્યાં હતા. સેપ્ટિક ટેન્કની અંદરથી નીકળતા ઝેરી ગેસને કારણે આ મોત થયા છે. અત્યાર સુધી મળેલી માહિતી મુજબ કામદારો જે સેપ્ટિક ટાંકીને સાફ કરવા ગયા હતા તે લગભગ ૧૫ વર્ષ જૂની હતી. અકસ્માતમાં એક સાથે ૪ લોકોના મોતને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છે. પોલીસે જણાવ્યા મુજબ મુગલસરાય વિસ્તારના કાલીમહાલ વિસ્તારમાં બુધવારે રાત્રે ભરતલાલ જયસ્વાલ નામનો વ્યક્તિ પોતાના ઘરની સેપ્ટિક ટાંકી સાફ કરાવી રહ્યો હતો. જો કે, તે જ સમયે ટાંકીમાંથી ઝેરી ગેસ નિકળતા કાલીમહેલના રહેવાસી ત્રણ સફાઈ કામદાર વિનોદ રાવત, કુંદન અને લોહા બેભાન થઈ ગયા હતા. મળતી માહિતી મુજબ, ભરત લાલના પુત્રએ આ સફાઈ કામદારોને બચાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે પણ ઝેરી ગેસના સંપર્કમાં આવ્યો હતો. બાદમાં તમામને બેભાન અવસ્થામાં સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયા હતા,

પરંતુ સારવાર દરમિયાન તમામના મોત નીપજયા હતા. આ દુઃખદ ઘટના સામે આવ્યા બાદ આ વિસ્તારના એસડીએમ વિરાજ પાંડેએ મૃતકોના પરિવારજનોને વળતર આપવાની વાત કરી છે.



એસડીએમએ કહ્યું કે ભરત જયસ્વાલના ઘરે ગટરની સફાઈ ચાલી રહી હતી. જેમાં ત્રણ મજૂરો અને મકાન માલિકના પુત્રનું મોત થયું છે. જિલ્લા વહીવટીતંત્ર દરેક મૃતકને ૪ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયા રકમ આપશે. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી યોગી આદિત્યનાથે પણ ચંદૌલીમાં થયેલા આ દુઃખદ અકસ્માતની નોંધ લીધી હતી. સીએમ યોગીએ દુર્ઘટનાથી પ્રભાવિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યકત કરી છે. આ સાથે, મુખ્યમંત્રીએ અધિકારીઓને શક્ય તેટલી વહેલી તકે સ્થળ પર પહોંચવા અને અહીં રાહતના પગલાં ઝડપી બનાવવાનો નિર્દેશ આપ્યો છે.

# ધોરણ - ૧૦ નું પરિણામ ૧૧ મે ને શનિવાર ના રોજ જાહેર કરવામાં આવશે




ગાંધીનગર, તા. ૯

ગુજરાતમાં ધોરણ – ૧૦ નું પરિણામ ૧૧ મે ૨૦૨૪, ને શનિવાર ના રોજ જાહેર કરવામાં આવશે. ધોરણ ૧૦નું પરિણામ સવારે ૮ વાગ્યે વેબસાઈટ પર મુકવામાં આવશે. ગુજરાતમા ધોરણ ૧૦માં ૯ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી છે. બીજી તરફ આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયુ છે. વર્ષ ૨૦૨૩માં ગુજરાત બોર્ડ ૧૦નું ૬૪.૬૨ રિઝલ્ટ આવ્યુ હતુ.

# જમ્મુ કાશ્મીરમાં એરફોર્સના કાફલા પર થયેલા હુમલામાં પાકિસ્તાનનો હાથ, ૩ આતંકીઓના ફોટા જાહેર કરવામાં આવ્યા



પૂંછ/શ્રીનગર, તા. ૯

ગયા શનિવારે ૪ મેન રોજ, જમ્મુ-કાશ્મીરના પુંછ વિસ્તારમાં ભારતીય વાયુસેનાના કાફલા પર થયેલા હુમલામાં પાકિસ્તાન નો હાથ ચે તેવા સપસ્ટ પૂર્વ મળી આવ્યા છે, હુમલાના આરોપી શંકાસ્પદ આતંકવાદીઓના CCTV ફૂટેજ બુધવારે સામે આવ્યા હતા. લશ્કરના આતંકવાદીઓની ઓળખ અબુ હમઝા, હદૂન અને ઈલ્યાસ ફૌજી તરીકે થઈ છે. આ તમામ આતંકીઓ લશ્કર-એ-તૈયબાના આતંકવાદી હોવાનું કહેવાય છે. તમને જણાવી દઈએ કે એરફોર્સ પર થયેલા આતંકી હુમલામાં એક જવાન શહીદ થયો હતો અને ચાર ઘાયલ થયા હતા. સુરક્ષાદળોએ આતંકીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યુ છે. સૂત્રોનું કહેવું છે કે આ ૩ પાકિસ્તાની આતંકવાદીઓની તસવીરો છે, જેમણે ૪ મે ૨૦૨૪ના રોજ એરફોર્સના કાફલા પર હુમલો કર્યો હતો. તેઓ લશ્કર-એ-તૈયબા (LET) જૂથ સાથે સંકળાયેલા છે અને રાજૌરી પુંછ વિસ્તારમાં સક્રિય છે. સૂત્રોનું કહેવું છે કે આ તસવીરોમાંનો એક આતંકી પાકિસ્તાની સેનાનો પૂર્વ કમાન્ડો છે. આમાંની એક તસવીર અબુ હમઝાની છે, જે એલઈટીનો કમાન્ડર છે. જમ્મુ-કાશ્મીર પોલીસે હુમલાને અંજામ આપનારા બે શંકાસ્પદ આતંકવાદીઓના સ્કેચ જાહેર કર્યા છે. અબુ હમઝા મધ્યમ ઉંચાઈનો છે. તેનો રંગ ગોરો છે. તેની ઉંમર ૩૦ થી ૩૨ વર્ષની વચ્ચે છે. તેણે વાળ કાપ્યા છે. હમઝા છેલ્લે નારંગી અને ભૂરા રંગનો પઠાણી સૂટ પહેરીને જોવા મળ્યો હતો. પોલીસે તેની ધરપકડ માટે માહિતી આપનારને ૧૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યુ છે. તમને જણાવી દઈએ કે, આતંકવાદીઓએ પુંછ જિલ્લાના શાઈસ્તર વિસ્તારમાં ભારતીય વાયુસેનાના કાફલાને નિશાન બનાવ્યું હતું, જેના પરિણામે એરફોર્સના જવાન કોર્પોરલ વિકી પહાડે શહીદ થયા હતા અને ચાર ઘાયલ થયા હતા.

# ભરૂચના ઝઘડિયામાંથી પાકિસ્તાની જાસૂસના આરોપસર એક વ્યકિતની ધરપકડ




ભરૂચ,તા. ૯

ગાંધીનગર સી આઈ ડી ક્રાઈમ ની ટીમ દ્વારા ભરૂચના ઝઘડિયામાંથી પાકિસ્તાની જાસૂસના આરોપસર એક વ્યકિતની ધરપકડ કરવામાં આવી છે. આ સમાચાર મળતાની સાથેજ જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. સી આઈ ડી ક્રાઈમ પોલીસની ટીમ દ્વારા પકડાયેલ વ્યક્તિએ, મિસાઈલ તથા ડ્રોનની ટેકનોલોજીની મહત્વની માહિતી પાકિસ્તાનને પહોંચાડી હોવાનું સામે આવ્યું છે. ઈસ્લામાબાદ અને કરાંચી સ્થિત પાકિસ્તાની જાસૂસી સંસ્થાને માહિતી હતી. પાકિસ્તાન આર્મીના હેન્ડલરને પણ માહિતી પહોંચાડતો હોવાનું સામે આવ્યું છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વ્હોટ્સએપ દ્વારા પહોંચાડતો હતો માહિતી. પોલીસની ટીમ દ્વારા તેની ધરપકડ કરી આગળની પૂછપરછ સાથે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# તાપી એજ્યુકેશન એકેડમી સંચાલીત પી.પી. સવાણી વિદ્યામંદિરની ધોરણ 12 H.S.C. બોર્ડમાં જળહળતી સિદ્ધિ

રાકેશ વાળા

પી.પી. સવાણી વિદ્યામંદિરના ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓએ. ઉચ્ચતમ પરીણામ પ્રાપ્ત કરેલ છે ગુજરાત ઉચ્ચત્તાર શિક્ષણ બોર્ડ વિજ્ઞાન પ્રવાહનું શાળાનું પરીણામ ૮૭.૫૦% પ્રાપ્ત થયેલ છે. અંગ્રેજી માધ્યમના પ્રથમ ક્રમાંકે નિકુંજ થારોટ 98.74 PR, દ્વિતિય ક્રમાંકે પર્વ ચૌધરી 96.75 PR તેમજ તૃતીય ક્રમાંકે પ્રિન્સ રાઠોડ 83.42 PR એ ઉતિર્ણ થયા છે. તેમજ ગુજરાતી માધ્યમમાં પ્રથમ ક્રમાંકે મિશ્વા બુંદેલા ૯૫.૧૦ ઈ, દ્વિતિય ક્રમાંકે જય પ્રજાપતિ 92.78 PR અને તૃતીય ક્રમાંકે મેહા પ્રજાપતિ ૯૨.૫૯ ઈ એ ઉતીર્ણ થયા છે. આ ઉપરાંત ગુજરાત ઉચ્ચતર શિક્ષણ બોર્ડ સામાન્ય પ્રવાહનું ૯૦.૯૦% પરીણામ આવ્યું છે.જેમાં પ્રથમ ક્રમાંકે દેવેન્દ્ર ચૌધરી 89.00 PR પ્રાપ્ત કરી ઉત્તીર્ણ થઈ પોતાના પરિવારજનોનું તેમજ શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ છે.આ તમામ વિદ્યાર્થીઓ પોતાના લક્ષ્ય સુધી પહોંચી હંમેશા પ્રગતિ કરતા રહે તેમજ જીવનમાં ઊંચા આદર્શો કેળવી આવનારા સમયમાં પરિવાર, સમાજ અને રાષ્ટ્રને ઉપયોગી બને એવી શાળા પરિવાર શુભકામનાઓ પાઠવી આ તેજસ્વી તારલાઓ માટે ગૌરવ અનુભવે છે.




### અલ્હાબાદ હાઈકોર્ટેની લખનૌઉ પીઠે એક મહત્વપૂર્ણ નિર્ણય

# મુસ્લિમને નથી લિવ-ઈન રિલેશનશિપમાં રહેવાનો અધિકાર, હાઈકોર્ટેકહ્યું: રીતિ-રિવાજનથી આપતા પરવાનગી



પ્રયાગરાજ ,તા. ૯

અલ્હાબાદ હાઈકોર્ટેની લખનૌઉ પીઠે અંતરધાર્મિક કપલના મામલામાં એક મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. હાઈકોર્ટે કહ્યું છે કે ઈસ્લામ ધર્મને માનતા કોઈ મુસલમાન વ્યક્તિ લિવ ઈન રિલેશનશિપમાં રહેવાનો દાવો ન કરી શકે, ખાસ કરીને ત્યારે જ્યારે પહેલાથી જ તેની કોઈ જીવન સાથે હોય. સાથે જ કોર્ટે કહ્યું છે કે મુસલમાન જે રીતિ રિવાજને માને છે તે તેમને લિવ ઈન રિલેશનશિપમાં રહેવાનો હક નહીં આપતા. આ આદેશ જસ્ટિસ એઆર મસૂદી અને જસ્ટિસ એકે શ્રીવાસ્તવ પ્રથમની ખંડપીઠે સ્નેહા દેવી અને મોહમ્મદ શાદાબ ખાન દ્વારા દાખલ એક રિટ અરજી પર આપ્યું છે.

કોર્ટમાં દાખલ કરવામાં આવેલી આ અરજીમાં બન્નેએ આ મામલમાં નોંધેલી ફરિયાદને રદ કરવા અને લિવ ઈન રિલેશનમાં રહેતી વખતે સુરક્ષા આપવાની અરજી કરી હતી. પોતાના આદેશમાં કોર્ટે કહ્યું કે જ્યારે કોઈ નાગરિકની વૈવાહિક સ્થિતિની વ્યાખ્યા પર્સનલ લો અને સંવિધાનિક અધિકારો એટલે કે બન્ને કાયદા હેઠળ કરવામાં આવે છે ત્યારે ધાર્મિક રીતિ રિવાજોને પણ સમાન મહત્વ આપવું જોઈએ. હાઈકોર્ટે એવું પણ કહ્યું છે કે સામાજીક અને ધાર્મિક રીતિ રિવાજ અને પ્રથાઓ સહિત સંવિધાનથી માન્યતા પ્રાપ્ત કાયદા, જેને સક્ષમ વિધાનમંડળે બનાવ્યા હોય તે સમાન રહે છે. ન્યાયમૂર્તિ એ આર મસૂદી અને ન્યાયમૂર્તિ અજય કુમાર શ્રીવાસ્તવ-પ્રથમની ખંડપીઠે આ ટિપ્પણી એક હિંદૂ-મુસ્લિમ કપલના લિવ ઈન રિલેશનશિપમાં દાખલ ન આપવાની રિકવેસ્ટ વાળી અરજી પર આપેલા આદેશમાં કરી છે. આ અરજીમાં એક વ્યક્તિના સામે અપહરણના મામલાને ફગાવવાનો પણ આગ્રહ કરવામાં આવ્યો હતો.

# ગ્રાહક બાબતોના ચાલતા કેસો ઓનલાઇન માધ્યમથીચલાવવા ઈચ્છુક હોય તેઓને હાઈબ્રીડસસસ્ટમનો લાભ લેવાઅનરુઘ

તા. ૯

ભારત સરકારનાં ગ્રાહક બાબતોનાાં વિભાગની સચૂનાનસુાર રાજ્ય કવિશનની જુદી જુદી બેન્ચ સિક્ષ પડતર ફરરયાદ/અપીલ/અન્ય કેસ ની હાઈબ્રીડ વસસ્ટિ (ઓફલાઈન તથા ઓનલાઈન) થી કેસની સનુાણિી તા.૦૧/૦૫/૨૦૨૪ થી શરૂ કરિાાાં આવિ છે. જેથી જે પક્ષકારો રાજ્ય કવિશન ખાતેનાાં પોતાના ચાલતા કેસો ઓનલાઈનમાધ્યમથી ચલાવવા ઈચ્છુક હોય તેઓને આ હાઈબ્રીડ વસસ્ટિનો લાભ લેવા જણાવવામાં આવે છે. તે બાબતે જરૂરી માહિતી/ માર્ગદર્શન રાજ્ય કમિશનના નોટીસ બોર્ડ પર તેમજ વેબસાઇટ પરથી મેળવી શકાશે તેમ રજિસ્ટ્રારશ્રી, રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન અમદાવાદની અખબારી યાદી માં જણાવવામાં આવ્યું છે.

## ગોલ્ડન સ્પા " મા કામ કરતા સગીર કીશોરને મુકત કરાવતી જામનગર એ.એચ.ટી.યુ




જામનગર

જામનગર જી જી હોસ્પીટલ રોડ પંચવટી ભુત બંગલાની સામે ઓશીયાનીક સોલીટીર બીલ્ડીંગ ના પહેલા માળે આવેલ ''ગોલ્ડન સ્પા " મા કામ કરતા સગીર કીશોરને સ્પાના કામમમાંથી મુકત કરાવતી એ.એચ.ટી.યુ જામનગર ટીમ પોલીસ અધિક્ષક જામનગર - પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન મુજબ એ.એચ.ટી.યુ. પોલીસ ઈન્સપેકટર એન.ડી.સોલંકી જામનગર શહેરમા સગીર વયના બાળકો/કીશોરો પાસે કામ કરાવી તેઓનુ શારીરીક તેમજ આર્થીક શોષણ કરતા હોય તેવા તત્વો વિરૂધ્ધમા કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને એ.એચ.ટી.યુ જામનગર સ્ટાફના માણસો પેટ્રોલીંગ દરમ્યાન જામનગર જી જી હોસ્પીટલ રોડ પંચવટી ભુત બંગલાની સામે ઓશીયાનીક સોલીટીર બીલ્ડીંગ ના પહેલા માળે આવેલ ગોલ્ડન સ્પામા મા ચેક કરતા છેલ્લા ૧ વર્ષથી રૂ ૮૦૦૦/- ના પગારથી ૧૦ કલાક પ્રતીદીન સફાઈકામ (હાઉસ કીપીગ) ના કામે ઉ.વ. ૧૫ વર્ષ ૬ મહીના ૨૨ દીવસ નો સગીર કીશોર મળી આવતા તેને તેના વાલીને સુપ્રત કરી સ્પા કામ માથી મુકત કરાવી સ્પાના સંચાલક/માલીક (૧) કેતન ભુપતભાઈ ચોટલીયા રહે શીવમ -૨ સાધના સોસાયટી સહકાર મૈઈન રોડ રાજકોટ (૨) મનીષ રમણીકલાલ પટેલ રહે ગીત ગુંજન રેસીડન્સી પુષ્કર ધામ સોસાયટી યુનીર્વસીટી રોડ રાજકોટ (હાજર મળી આવેલ નથી) વાળા બન્ને વિરુધ્ધમાં જુવેનાઈલ જસ્ટીસ એકટ-૨૦૧૫ ની કલમ-૭૯ મુજબ કાર્યવાહી કરેલ છે. આરોપીનુ નામ - (૧) કેતન ભુપતભાઈ ચોટલીયા રહે શીવમ -૨ સાધના સોસાયટી સહકાર મૈઈન રોડ રાજકોટ (૨) મનીષ રમણીકલાલ પટેલ રહે ગીત ગુંજન રેસીડન્સી પુષ્કર ધામ સોસાયટી યુનીર્વસીટી રોડ રાજકોટ આ સમગ્ર કામગીરીમાં (૧) પીઆઈ એન.ડી.સોલંકી એ.એચ.ટી.યુ. (૨) એએસઆઈ રણમલભાઈ કારાભાઈ ગઢવી (૩) પો.હેડ.કોન્સ. રાજદીપસીંહ ખુમાનસીંહ ઝાલા (૪) ડ્રા.પો.કોન્સ. ભયલુભા વેલુભા જાડેજા , જામનગર (૫) મહીલા પો.કોન્સ. કિરણબેન રણછોડભાઈ મેરાણી (૬) મહીલા પો.કોન્સ. ભાવનાબેન નાગજીભાઈ સાબળીયા એ.એચ.ટી.યુ. જામનગરનાઓએ સરાહનીય કામગીરી બજાવી છે.

# જેને પણ ભિખારી પાકિસ્તાનના નારા લગાવવા હોત તો ત્યાં રહે અને ભારત પર બોજ ન બને: યોગી આદિત્યનાથ

બહરાઈચ,તા. ૯

ઉત્તર પ્રદેશના બહરાઈચમાં આવેલ નાનપરા માં લોકસભા ચૂંટણી ના પ્રચાર દરમિયાન મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે કોંગ્રેસ અને ઈન્ડી ગઠબંધન પર નિશાન સાધતાં કહ્યું હતું કે, જે લોકો પાકિસ્તાન ના નારા લગાવે છે તેમની સાથે મહારાજા સોહેલ દેવે સૈયદ સલાર મસૂદ ગાઝી સાથે જેવો વ્યવહાર કર્યો હતો તેવો જ વ્યવહાર કરવામાં આવશે. આવા લોકોને કહો કે જો તમે પેલા ભિખારી પાકિસ્તાનના નારા લગાવો તો ત્યાં રહે અને ભારત પર બોજ ન બનો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વિરોધીઓ પર આકરા પ્રહાર કરતાં કહ્યું કે કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીની સરકારમાં વિસ્ફોટ થતા હતા. જ્યારે જનતા પ્રશ્નો પૂછતી ત્યારે સપા અને કોંગ્રેસના લોકો કહેતા કે આ ઘટનાઓ સરહદ પારથી થઈ રહી છે. આજે જ્યારે આતંકવાદની વાત આવે છે ત્યારે પાકિસ્તાન સ્પષ્ટતા કરે છે કે અમે કંઈ કર્યું નથી. ભારત પોતાની બાજુથી કોઈને ચીડતું નથી, પરંતુ



જો કોઈ ભારતને ચીડવે તો તેને પણ છોડતું નથી. મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે વધુમાં લોકોને જણાવ્યું હતું કે સમાજવાદી પાર્ટીની સરકાર વખતે યુવાનોના હાથમાં પિસ્તોલ હતી. તેમની સરકારમાં ગુંડાઓ અને માફિયાઓ વિવિધ જગ્યાએ બોમ્બ વિસ્ફોટ કરતા હતા, પરંતુ ભાજપ સરકારમાં માફિયાઓ અને ગુંડાઓ જાણે છે કે આમ કરવાથી તેમની અંતિમ યાત્રા નિકળશે. સીએમ યોગી બહરાઈચના નાનપરામાં નાનપારા સઆદત ઈન્ટર કોલેજમાં બહરાઈચ લોકસભાના ઉમેદવાર આનંદ ગૌરના સમર્થનમાં વોટ માંગવા પહોંચ્યા હતા.

## ખનીજ ચોરી રોકવા અધિકારીઓ દ્વારા ઓપરેશન હાથ ધરાયુ



જામનગર

જિલ્લાના લાલપુર તાલુકામાં ખનીજ ચોરી થતી અટકાવવા માટે અને તેને લગત રજૂઆતોને ધ્યાનમાં લઈને મામલતદાર કેતન ચાવડા, નાયબ મામલતદાર નિલેશ બાવરીયા, હિતેશ પરમાર, ડી. એન. ઝાલા સહિતના અધિકારીઓ દ્વારા વિવિધ વિસ્તારોમાં મુલાકાત લઈ સ્થળ તપાસ તથા લીઝ, રોયલ્ટી વિગેરે ડોકયુમેન્ટ ચકાસણી કરવાનું સઘન ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

## જબલપુરમાં એક બદમાશ પહેલા મંદિરમાં પૂજા-અર્ચના કર્યા બાદ બે બોમ્બ ફેંકયા અને બે રાઉન્ડ ફાયરિંગ કરીને ફરાર થઈ ગયો

ઈન્દોર,તા. ૯

મધ્યપ્રદેશના જબલપુર જિલ્લામાં એક ચોંકાવનારો કિસ્સો જોવા મળ્યો હતો જેમાં એક બદમાશ પહેલા મંદિરમાં પૂજા-અર્ચના કરી અને ત્યારબાદ એક પછી એક બે બોમ્બ ફેંક્યા અને બે રાઉન્ડ ફાયરિંગ કરીને ફરાર થઈ ગયો. જબલપુરના ગમાપુર વિસ્તારમાં બોમ્બ વિસ્ફોટની ઘટનાને કારણે ગભરાટનો માહોલ સર્જાયો છે. મળતી માહિતી મુજબ, વિસ્તારના ગુનેગાર આનંદે પહેલા ગુંડા ટેકસ અને ખંડણી ન ભરવા માટે એક ઘરમાં બોમ્બ ફેંક્યો હતો અને પછી ફાયરિંગ કરીને ગભરાટનો માહોલ સર્જ્યો હતો. આ ઘટનાનો આરોપ વિસ્તારના ગુનેગાર આનંદ ઠાકુર પર લગાવવામાં



આવ્યો છે, મળતી માહિતી મુજબ આ ઘટના ઘામાપુર પોલીસ સ્ટેશન વિસ્તારની ભારત સેવક સમાજ સ્કૂલ પાસેની છે. આનંદે માનસિંહ ઠાકુરના ઘરે બોમ્બ વિસ્ફોટ અને ફાયરિંગ કર્યું હતું અને આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે. પોલીસે સીસીટીવી પરથી આનંદ ઠાકુર નામના ગુનેગારની ઓળખ કરી લીધી છે. વીડિયોમાં આરોપી આનંદ ઠાકુર પણ બોમ્બ વિસ્ફોટ બાદ ફાયરિંગ કરતો જોવા મળી રહ્યો છે. પોલીસે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આરોપીઓ પર વિસ્તારના લોકો પાસેથી પૈસા પડાવવા અને નાના દુકાનદારોને હેરાન કરવાના અનેક આરોપો છે.

# સુરતમાં ટેકસટાઈલના વેપાર સાથે સંકળાયેલા વેપારીને ત્યાં આઈ.ટી ના દરોડા




સુરત,તા. ૯

સુરત ખાતે ટેકસટાઈલના વેપાર સાથે સંકળાયેલા વેપારીને ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે. સુરતના એશ્વર્યા ગ્રુપ ઉપર ઈન્કમેક્સે દરોડા પાડ્યા છે. એક સાથે ૧૦ જગ્યા પર દરોડા અને સર્વેક્ષણની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. એશ્વર્યા ગ્રુપ સાથે સંકળાયેલ કોલના ધંધાર્થીને ત્યાં પણ ઈન્કમટેક્સના દરોડા પડ્યા છે. કોલ બિઝનેસ ગ્રુપના મોરબીમાં આવેલા સ્થળો પર પણ તપાસ શરુ થઈ છે. તપાસના અંતે મોટા પાયે બેનામી વ્યવહારો મળે તેવી સંભાવનાઓ છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ સુરતના ટેકસટાઈલના વેપાર સાથે સંકળાયેલા એશ્વર્યા ગ્રુપ ઉપર ઈન્કમટેક્સ વિભાગે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે સાથેજ સુરત શહેરમાં એક સાથે બારેક જગ્યાઓ પર સર્ચ ઓપરેશનની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. એશ્વર્યા ગ્રુપ સાથે સંકળાયેલા કોલના ધંધાર્થીને ત્યાં પણ ઈન્કમટેક્સ વિભાગે તવાઈ બોલાવી છે. મોરબીમાં કોલ બિઝનેસના સીરામિક એકમો પર પણ તપાસ શરૂ કરવામાં આવી છે. એક સાથે મોટા પાયે બેનામી વ્યવહારો મળે તેવી સંભાવનાઓ વ્યકત કરવામાં આવી છે. ઈન્કમટેક્સ વિભાગના દરોડાના કારણે અન્ય વેપારીઓમાં પણ ફફડાટ ફેલાઈ ગયો છે.

### ૨૫ વર્ષ પહેલા ધિરાણ મેળવીને કરેલ ઠગાઈ

## ૮૯ લાખની ઠગાઈ કરવાના કેસમાં મેટ્રોપોલિટન કોર્ટે સિનિર સિઝિઝન દંપતીને ૭ વર્ષની સજા અને રૂપિય ૫૦-૫૦ હજાર દંડ



અમદાવાદ,તા. ૯

૨૫ વર્ષ પહેલા અમદાવાદ શહેરના આશ્રમરોડ પર આવેલી ફેડરલ બેંકમાં ખોટા દસ્તાવેજોના આધારે ધિરાણ મેળવીને રૂ. ૮૯ લાખની ઠગાઈ કરવાના કેસમાં મેટ્રોપોલિટન કોર્ટમાં સિનિર સિઝિઝન દંપતીને ૭ વર્ષની સજા અને રૂપિય ૫૦-૫૦ હજાર દંડ ફટકારતો ચુકાદો આપવામાં આવ્યો છે. મેટ્રોપોલિટન કોર્ટે સજા ફટકારતા કહ્યું કે, આરોપીઓએ ફેડરલ બેંકમાંથી ખોટા દસ્તાવેજોના આધારે કેશ ક્રેડિટ –ધિરાણ મેળવીને ગુનો આચર્યો હોવાનું પુરવાર થાય છે. જો તેમની સજા ઓછી કરવામાં આવે તો છેતરપિંડી કરનારાઓને પ્રોત્સાહન મળશે. કડ્ક સજા કરી સમાજમાં દાખલો બેસાડવો જરૂરી છે. શહેરના થલતેજ વિસ્તારમાં રહેતા આરોપી દીપક પંડ્યા અને છાયાબેન પંડ્યાએ આશ્રમરોડ પર આવેલી બેંકમાં વર્ષ ૧૯૯૯માં બોગસ દસ્તાવેજોના આધારે ૮૯ લાખની લોન લીધી હતી. જોકે, લોન ન ભરતાં સીઆઈડી ક્રાઈમ દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી. દંપતી વિરૂદ્ધ તપાસ કરી જરૂરી પુરાવા એકત્ર કરી અદાલતમાં ચાર્જસીટ રજૂ કરી હતી. ૧૫ સાક્ષીઓ અને ૯૪ દસ્તાવેજોના આધારે કેસ પુરવાર કરવામાં આવ્યો હતો.

# અમેરિકા હકીકતમાં ભારતની રાજકીય સ્થિતિને અસંતુલિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે

મોસ્કો,તા. ૯

મીડિયા સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ લોકસભા ચૂંટણી વચ્ચે રશિયાએ મોટો દાવો કર્યો છે. રશિયાનું કહેવું છે કે અમેરિકા ભારતની લોકસભા ચૂંટણીમાં હસ્તક્ષેપ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. અમેરિકાનો ઉદ્દેશ્ય લોકસભા ચૂંટણી દરમિયાન ભારતને અસ્થિર કરવાનો છે. રશિયાના મીડિયા સૂત્રો અનુસાર, રશિયાના વિદેશ મંત્રાલયના પ્રવકતા મારિયા ઝખારોવાએ કહ્યું કે, અમેરિકા વાસ્તવમાં ભારતના રાજકીય માહોલને ખલેલ પહોંચાડવાનો



પ્રયાસ કરી રહ્યું છે. તે ભારતની રાજકીય સમજ અને ઈતિહાસ સમજી શકતો નથી. તમને જણાવી દઈએ કે ઝખારોવાએ ભારતમાં ધાર્મિક સ્વતંત્રતા અંગે અમેરિકાના રિપોર્ટના સંદર્ભમાં આ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, અમેરિકા ભારતની ધાર્મિક સ્વતંત્રતા અંગે સતત પાયાવિહોણા આરોપો લગાવી રહ્યું છે. આનું કારણ ભારતના આંતરિક રાજકીય માહોલને ખલેલ પહોંચાડવાનું અને સામાન્ય ચૂંટણીઓમાં અવરોધ ઊભો કરવાનું છે. ઝખારોવાએ કહ્યું કે અમેરિકાની ગતિવિધિઓ સ્પષ્ટપણે ભારતના આંતરિક મામલામાં હસ્તક્ષેપ દર્શાવે છે, જે ભારત પ્રત્યે અપમાનજનક છે. રશિયાના વિદેશ મંત્રાલયના પ્રવકતા મારિયાએ ભારત પર ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના પ્રયાસનો આરોપ લગાવતા કહ્યું કે, અમેરિકાએ હજુ સુધી આ મામલામાં ભારતીય નાગરિકોની સંડોવણી અંગે કોઈ વિશ્વસનીય પુરાવા આપ્યા નથી. પુરાવાના અભાવે આવી અટકળો સ્વીકાર્ય નથી. ઝખારોવે કહ્યું કે, અમેરિકા ભારત પર સતત ખોટા આરોપો લગાવી રહ્યું છે. તેને ભારતનો ઈતિહાસ સમજાતો નથી. આ કારણે તે ભારત પર ધાર્મિક સ્વતંત્રતા અંગે સતત પાયાવિહોણા આરોપો લગાવી રહ્યો છે.

# પશ્ચિમ બંગાળના સંદેશખાલીની ત્રણ મહિલાઓમાંથી એક મહિલાએ ટીએમસી નેતા સામેનો બળાત્કારનો કેસ પાછો ખેંચી લીધો





કોલકાતા,તા. ૯

પશ્ચિમ બંગાળના સંદેશખાલીની ત્રણ મહિલાઓમાંથી એક મહિલાએ ટીએમસી નેતા સામેનો બળાત્કારનો કેસ પાછો ખેંચી લીધો છે. આ બાબત બંગાળના રાજકારણમાં ગરમાવો લાવી દીધી હતી. ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના શાહજહાં શેખ પર અનેક મહિલાઓનું યૌન શોષણ અને તેમની જમીનો પર કબજો કરવાનો આરોપ હતો. આ મામલે ભાજપે ટીએમસીને ઘેરી લીધી હતી. એટલું જ નહીં, આ મુદ્દો લોકસભા ચૂંટણીમાં પણ રહે છે. આવી સ્થિતિમાં યુ-ટર્ન લેનાર મહિલા ચોંકાવનારી છે. મહિલાએ કહ્યું કે, મારી જાતીય સતામણી કરવામાં આવી નથી. મહિલાએ કહ્યું કે ભાજપના લોકોએ મને સાદા કાગળ પર સહી કરાવી અને પોલીસમાં ફરિયાદ કરી. ફરિયાદ પાછી ખેંચનાર મહિલાએ સંદેશખાલી પોલીસ સ્ટેશનમાં કેસ પણ નોંધાવ્યો છે. આ એફઆઈઆરમાં તેણીએ આરોપ લગાવ્યો છે કે તેણીને ધમકીઓ મળી રહી છે અને તેણી સામાજિક બહિષ્કારનો સામનો કરી રહી છે કારણ કે તેણી તેની ફરિયાદ પાછી ખેંચી રહી છે. મહિલાનો આરોપ છે કે ભાજપ મહિલા મોરચાના સ્થાનિક નેતા અને અન્ય કેટલાક સભ્યો તેના ઘરે આવ્યા હતા. આ લોકોએ તેને એક જગ્યાએ સહી કરાવી હતી અને ત્યાર બાદ જ પોલીસ સ્ટેશનમાં નકલી ફરિયાદ આપવામાં આવી હતી. અખબાર સાથે વાત કરતાં મહિલાએ કહ્યું, 'તેઓએ મારી સહી લીધી અને કહ્યું કે તમને પીએમ આવાસ યોજનાનો લાભ મળશે. આ પછી તે મને પોલીસ સ્ટેશન લઈ ગયો અને જાતીય સતામણીનો કેસ દાખલ કર્યો. મહિલાએ ફરિયાદ ખોટી હોવાનું કહીને કેસ પાછો ખેંચી લીધો હતો. તેણે કહ્યું, 'ટીએમસી ઓફિસમાં મારી સામે કોઈ જાતીય સતામણી થઈ નથી. મને મોડી રાત્રે પાર્ટી ઓફિસ જવા માટે પણ દબાણ કરવામાં આવ્યું ન હતું. આ મામલે હવે ટીએમસીને ભાજપ પર હુમલો કરવાની તક મળી છે. રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શશિ પંજાએ કહ્યું કે જે મહિલાઓ તેમની ફરિયાદ પાછી ખેંચી રહી છે તેમને ભાજપ દ્વારા પરિણામની ધમકી આપવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે આ સમગ્ર મામલો ભાજપ દ્વારા ઉડાવી દેવામાં આવ્યો છે અને હવે જો તેઓ ફરિયાદ પાછી ખેંચશે તો મહિલાઓને ધમકી આપવામાં આવી રહી છે.

## ઝારખંડમાં ઈડી ની નોટીસ મળ્યા બાદ લેન્ડ બિઝનેસમેને ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી

રાંચી,તા. ૯

દેશભરમાં છેલ્લા ઘણા સમયથી ખોટું કરનારા લોકોની સામે ઈડીની કાર્યવાહી ચાલી રહી છે પછી ભલેને તેમાં નેતાઓ અને બિઝનેસમેન હોય. લોકોમાં હવે ઈડીનો ફફડાટ જોવા મળી રહ્યો છે અને ડરના માર્યા અમુક તો આપઘાત કરી રહ્યાં છે. આવી એક ઘટના બની છે. ઝારખંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની કાર્યવાહી વચ્ચે એક આત્મહત્યાને તપાસ એજન્સીની નોટિસ સાથે જોડવામાં આવી રહી છે. રાંચીમાં એક લેન્ડ બિઝનેસમેને ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. જણાવવામાં આવી રહ્યું છે કે જમીન કૌભાંડમાં ઈડી તરફથી નોટિસ



મળ્યા બાદ મૃતક તણાવમાં હતો. ગુરુવારે સવારે તેનો મૃતદેહ ફંદાથી લટકતો મળી આવ્યો હતો. કૃષ્ણકાંત સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે, જમીન કૌભાંડ મામલે ઈડીએ થોડા દિવસ પહેલા કૃષ્ણકાંતને નોટિસ મોકલી હતી. એજન્સીએ તેમને પૂછપરછ માટે બોલાવ્યા હતા. ત્યારથી તે તણાવમાં હતા અને તેમને ખબર પડી ગઈ હતી કે તેમની ધરપકડ થશે, તેમને ખૂબ બીક લાગી જતાં આપઘાત કરવાનો નિર્ણય કર્યો હતો અને તે પ્રમાણે ઘેર ગળેફાંસો ખાઈને મરી ગયાં હતા. આત્મહત્યા પાછળ ઈડીની નોટિસ એકમાત્ર કારણ છે કે નહીં. પોલીસે આ કેસની તમામ એંગલથી તપાસ શરૂ કરી છે.

